
# ૮ છોટુનું ઘર

T9L9W7






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in





## વિચારો અને કહો :

આપેલા ચિત્રને ધ્યાનથી જુઓ અને પ્રશ્નોના જવાબ આપો :

- છોટુએ પાઈપ સામે જોઈને શું વિચાર્યું હશે ?
- છોટુ પાઈપનો ઉપયોગ કેવી રીતે કરતો હશે ?
- છોટુએ પાઈપ અને આજુબાજુના વિસ્તાર (area-એરિઆ)ને કેવી રીતે અલગ-અલગ કર્યું ?
- છોટુ ઘરની કઈ બાજુના ભાગને વધારે પસંદ કરે છે ?
- મોનુને પાઈપમાં રહેવા આવવા માટે છોટુ કેમ બોલાવે છે ?
- તમે છોટુ હો તો પાઈપમાં કેવી રીતે ઘર બનાવીને રહો ?

મકાન એ ઘર ક્યારે બને તેની ચર્ચાની મદદથી મકાન અને ઘરના તફાવતની સ્પષ્ટતા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ઘરનું ચિત્ર દોરો અને રંગ પૂરો.

## વિચારો અને લખો :

❇ તમારી સાથે ઘરમાં કોણ-કોણ રહે છે ?

__________ __________ __________ __________

__________ __________ __________ __________

❇ છોટુએ પાઈપને બે જુદા ભાગમાં વહેંચી. તમારા ઘરના જુદા-જુદા ભાગો વિશે લખો.

__________ __________ __________ __________

__________ __________ __________ __________



## વિચારો અને કહો :

❇ તમે દિવસમાં કેટલો સમય ઘરના વિવિધ ભાગમાં વિતાવો છો ?

❇ તમારા ઘરમાં કોઈ એવો ભાગ છે, જ્યાં કોઈ સભ્ય વધુ સમય વિતાવે છે?

❇ તમારા ઘરમાં કોઈ એવો ભાગ છે, જ્યાં તમારા કુટુંબના કોઈ સભ્ય જવાનું પસંદ નથી કરતા?

તમે જોયું છે કે, કેટલાંક પ્રાણીઓ પણ આપણી સાથે આપણા ઘરમાં રહે છે. કેટલાંક પ્રાણીઓ આપણા ઘરમાં રહે છે, કારણ કે આપણે તેમને રાખવા માંગીએ છીએ. જ્યારે બીજાં પ્રાણીઓ આપમેળે રહે છે.

બાળકોને તેમના ઘરની સંવેદનશીલ વાતો કરવી ખૂબ જ જરૂરી છે. ઘર ઘણીબધી જાતના હોય છે. એ ધ્યાનમાં રાખીને આપણે ઘરના ઓરડાની જગ્યાએ, ઘરના ભાગોનો ઉપયોગ કર્યો છે. જ્યાં કેટલાંક કુટુંબના સભ્યો જાય છે અને કેટલાંક ક્યારેય પણ જતાં નથી, એ કુટુંબના રિવાજ અને જાતિનો ભેદભાવ બતાવે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## જોડકાં ગાઈએ :

### ઘર, પ્રિય ઘર!

રોજ તું તો કહે છે મા કે,
આ બસ આપણું કહેવાય ઘર,
પણ હું કેમ માનું મા.
દેખાય છે, આ સૌનું ઘર.




અને ગરોળીને તું જો ને
ધીમે રહી સરકતી,
હારબંધ આ કાળી કીડીઓ
જો ક્યાં દોડી જાતી?



જો તો આ ઉંદરડા કેવા,
પકડા-પકડી રમતાં.
મચ્છર કેવા ઊડી રહ્યાં છે,
ઘરમાં કરોળિયા ભમતા.



મા જો ત્યાં આંગણિયામાં
પંખી કેવાં ચણે છે !
બિલકુલ બહેન ને મારી માફક
દર વાતે ઝઘડે છે.



એટલે જ કહું છું મા...
ઘર નથી ફક્ત મારું,
ઘણા સમયથી આ બધાં રહે છે,
આ ઘર છે સૌનું સહિયારું.

ગુજરાતી ભાવાનુવાદ
– નીરુ પટેલ
(જેપુર)

**ખરું કહેવાય ...**

ઉંદરની આંખો નબળી હોય છે.
હા, તેની સુગંધ, સ્પર્શ અને સ્વાદની ઇન્દ્રિયો ખૂબ જ ઉત્તમ હોય છે.

આવાં અન્ય જોડકણાં એકઠાં કરાવી તેનું ગાન કરાવવું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❇ ઘરમાં જોવા મળતા અન્ય બે પ્રાણીઓનાં ચિત્રો દોરો.

## યાદ કરો અને લખો :

❇ તમે તમારા ઘરને સ્વચ્છ કેવી રીતે રાખો છો ?

## વિચારો અને કહો :

❇ તમે તમારા ઘરનો કચરો (garbage-ગારબેજ) ક્યાં ફેંકો છો ?

❇ શું તમારા ઘરની આસપાસનો વિસ્તાર સ્વચ્છ (clean-ક્લિન) છે ?

❇ તમારું ઘર સ્વચ્છ રાખવામાં કોણ-કોણ મદદ કરે છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જુઓ, લતાનું ઘર કેવું સુંદર રીતે શણગારેલું છે!



## વિચારો અને લખો :

શું તમારા ઘરને શણગારવાની કોઈ બીજી રીત છે? કેવી રીતે?

## પૂછો અને લખો :

તમારા મિત્રોને પૂછો કે તેઓ ક્યારે અને કેવી રીતે ઘરને શણગારે છે?

## વિચારો અને લખો :

તમે ઘરને શણગારવા કઈ વસ્તુઓનો ઉપયોગ કરો છો, તેનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| ● | ● | ● | ● |
| ● | ● | ● | ● |
| ● | ● | ● | ● |

પાઠમાં દરેક બાળક તેમનાં ઘરને જુદા-જુદા તહેવારોમાં કેવી રીતે શણગારે છે, તે પૂછવામાં આવે. બાળકો તેમના ઘર કેવી રીતે શણગારે છે, તે વાત જાણવાથી એ જાણવા મળશે કે તહેવારો દરમિયાન ઘર શણગારવા કઈ સ્થાનિક વસ્તુઓનો ઉપયોગ થાય છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in